નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૧૩/૧૧/૨૦૨૩ થી ૧૯/૧૧/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|
| ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની વ્હીસ્કી તથા ટીન બીયરની બાટલીઓ નંગ -  ૨૨૮ કિમંત રૂપિયા ૪૫,૬૦૦/- નો પ્રોહી જથ્થો તથા કાર,મોબાઇલ મળી કુલ્લે રૂપિયા ૨,૦૦,૬૦૦/- સાથે એક આરોપીને પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ગણદેવી પોલીસ |  |

નવસારી જિલ્લા પોલીસના પોલીસ ઇન્સ્પેટકર તરીકેની બઢતી  તેમજ નવસારી પોલીસમાં એ.એસ.આઇ તરીકે ફરજ બજાવતા ૩ મહિલા પોલીસ કર્મચારીઓએ પી.એસ.આઈ. મોડ-૨ ની ખાતાકીય પરીક્ષા પાસ કરતા તેઓને પી.એસ.આઇ. તરીકેની બઢતી મળતા તેમનું બેજ સેરેમનીનું આયોજન માન.પોલીસ અધિક્ષકશ્રી સુશિલ અગ્રવાલ સાહેબના વરદ હસ્તે પોલીસ અધિકારી/કર્મચારીઓની ઉપસ્થતિમાં કરી શુભેચ્છા પાઠવવામાં આવેલ છે






નવા વર્ષના પાવન પર્વ નિમિતે પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ સાથે સ્નેહમિલનનું આયોજન કરી, નવા વર્ષની મંગલકામનાઓ પાઠવી.....




સગીર બાળાનુ અપહરણ કરી ખંડણી માંગનાર ખંડણીખોરોને દિલધડક ઓપરેશન કરી ચાર રાજયોમાં ત્વરીત જુદી જુદી ટીમો દ્રારા દીલધડક ઓપરેશન હાથ ધરી "HOT PURSUIT " (ઝડપી પીછો) કરી ૪૮ કલાકમાં દિલ્હી-લખનઉથી અપહરણકારોને દબોચી લઇ ખડંણીખોરોના સકંજામાથી અપહ્યુત બાળાને સલામત રીતે રેસ્કયુ કરાવતી નવસારી જિલ્લા પોલીસ ટીમ.

| | |
|---|---|
| ૧૬૦૦ કિ.મી. દુર આવેલા ઓરિસ્સા રાજયના અંતરિયાળ વિસ્તારમાંથી આશરે એક મહીના પહેલા ગુમ થયેલ યુવાનનું દિવાળીના દિવસે તેના પરિવાર સાથે મિલન કરાવી સંવેદનશીલ દિપ પ્રગટાવતી વાંસદા પોલીસ ટીમ. |  |
| વાંસદા પોલીસ સ્ટેશન પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી અને પોલીસ કર્મચારીઓ સાથે અંતરિયાળ વિસ્તારના વયોવૃધ્ધ વડીલોની વિઝિટ કરી ગામના સરપંચશ્રી સાથે જીવનજરૂરી વસ્તુઓ મિઠાઇ આપી તેમની સાથે દિવાળીની ઉજવણી કરવામાં આવેલ. |  |
| નવસારી પોલીસ હેડ ક્વાર્ટરના સ્વર્ગસ્થ પોલીસ કર્મચારીના પરિવારને દિવાળી પર્વ નિમિત્તે જીલ્લા પોલીસ અધિકારી/ કર્મચારીઓ સાથે પરિવારના ઘરે મુલાકાત કરી દિવાળીની ભેટ આપી સાંત્વના આપવામા આવી. |  |
| નવસારી જીલ્લા પોલીસ દ્વારા દિવાળી તહેવાર સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ ગુનાખોરી અટકાવવા માટે અલગ અલગ પોલીસ સ્ટેશન દ્વારા તેમનાં હદ વિસ્તારમાં પોલીસ અધિકારી/કર્મચારીઓ દ્વારા ફુટ પેટ્રોલીંગ રાખવામાં આવેલ. |  |